ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૫૨ ટકા

# દિવાળીના પગલે શહેરીજનોએ સફાઈ કામગીરી આરંભી

ગાંધીનગર, તા. ૨૪

દિપાવલીના પાવન પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરમાં મહિલાઓ દ્વારા દિવાળીની સાફ સફાઈની શરુઆત કરી દેવામાં આવી છે. સેકટરોના મકાનની દિવાલો પર ગાદલા તપતા દેખાય છે તો વાસણો ચકચકાટ ઘસાઈને પડેલા નજરે પડે છે. તો બીજી તરફ પસ્તી, પ્લાસ્ટીક, લોખંડ સહિત જુના ઈલેકટ્રીકની ચીજવસ્તુઓ મહિલાઓ ભંગારમાં વેચાણ કરી દે છે. જેથી જુની ચીજવસ્તુના વેપારીઓ આજકાલ સેકટરોમાં આંટાફેરા મારતા હોય છે. ઘરની સાફ સફાઈની સાથે સાથે મકાન ધારકો કલરકામ તેમજ ઉધઈની ટીટ્રમેન્ટ કરાવતા પણ નજરે પડે છે.

દિવાળીનું પર્વ નજીક આવે ત્યારે પરંપરાગત રીતે ઘર સફાઈનુ કામકાજ મહિલાઓ દ્વારા શરુ કરી દેવામાં આવે છે. જેમાં માળીયા પર પડી રહેલી ચીજવસ્તુઓ બહાર નીકાળવામાં આવે છે. જેમાં ઉપયોગી રાખીને બિન ઉપયોગી ફેંકી દેવામાં આવે છે અથવા ભંગારમાં વેચાણ કરી દેવામાં આવે છે. હાલના સમયે જોઈએ તો જુના ફ્રીઝ, ટેપ, સીડી પ્લેયર, કોમ્પ્યુટર, એસી, પંખા, કુલર, સહિતના ઉપકરણો ભંગારમાં જોવા મળી રહ્યા છે. દિવાળીના સમયે ફેરીયાઓનો ધંધો ધમધોકાર ચાલે છે. જયારે ઘરમાં પડી રહેલા તાંબા પિતળના વાસણો તેમજ અન્ય સજાવટની વસ્તુઓની સફાઈ કરવામાં આવે છે. જયારે ગાદલાઓને તપાડવામાં આવે છે. દિવાળીના દિવસોમાં દરેક નગરજનોના ઘરે સાફ સફાઈ શરુ થઈ ગઈ છે. નાના બાળકથી લઈને મોટી ઉંમરના પુરુષ વર્ગ પણ ઘર સફાઈ કાર્યમાં જોડાઈ જાય છે. જયારે કેટલાક મકાનોમાં સાફ સફાઈની સાથે કલરકામ તેમજ ઉધઈની ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. જયારે હાલ શહેરમાં પણ ઘર સફાઈનો અનેરો માહોલ ઉભો થયો છે.

# શરદ પૂનમની પ્રભાતે ૧૧ કુંડીય યજ્ઞની જ્યોત પ્રજ્જવળી





શરદ પૂનમની પ્રભાતવેળામાં સૂર્યદેવતાના પ્રથમ કિરણે ૧૧ કુંડીય યજ્ઞની જ્યોત સરકારી જીમખાના, સેક્ટર-૨૧, ગાંધીનગરમાં પ્રગટાવવામાં આવી હતી. વૈદિક પરિવાર તથા પતંજલિ યોગ સમિતિ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ૧૧ કુંડીય યજ્ઞ યોજવામાં આવ્યો હતો.

યજ્ઞના બ્રહ્મા પંડિત શૈલેન્દ્રજી શાસ્ત્રી હતા જેમણે બંને સંસ્થાના સહયોગ સફળતાપૂર્વક યજ્ઞ સંપન્ન કરાવ્યો હતો. યજ્ઞ બાદ તેમણે યોગ તથા યજ્ઞ પ્રેમી દંપતિ તથા મહાનુભાવોને આશીર્વચન આપ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય સંચાલક વૈદિક પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધી હતા, તેમણે કાર્યક્રમના સમાપને ધ્યાન કરાવી સર્વ જડ-ચેતન જગત પ્રત્યે મંગલ કામના પ્રગટ કરી હતી. આ પ્રસંગે યોગ પ્રશિક્ષક કાનજીભાઈ બાવરીજીએ સર્વનો આભાર માન્યો હતો. યજ્ઞ કાર્યમાં પૂર્ણ સેવા પ્રદાન કરવામાં ગમનભાઈ, કાન્તીભાઈ, લક્ષ્મણભાઈ અને વિરમભાઈ અગ્રતાક્રમે હતા.

## ડેમોક્રેટીક પીપલ્સ એસોસિયેશનનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિયેશન ગુજરાત ગાંધીનગરની માસિક કારોબારી સમિતિની બેઠક તાજેતરમાં સંસ્થાના પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં સૌ પ્રથમવાર સ્વ.સુનિતાબેન સોમાભાઈ પરમાર અવસાન બદલ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ રાત્રી આશરા માટે જમીન ફાળવવામાં આવે તે માટે નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલને લેખિત રજુઆત કરવામાં આવી હતી. જયારે સંસ્થાનો સ્નેહમિલન સમારોહ તા. ૩૦-૧૧-૧૮ના રોજ યોજાશે. આ પ્રસંગે સૌ સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

# ઉનાવા-પેથાપુર રોડ ઉપર કારની અડફેટે બાઈક ચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલા ઉનાવા પેથાપુર રોડ ઉપર આજે સવારે કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બેફામ જતી કારની અડફેટે આવી જતાં બાઈક ચાલક યુવાનને ગંભીર ઈજાઓ થવા પામી હતી અને સ્થળ પરથી ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવાયો હતો જયા તેનુ સારવારમાં કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. પેથાપુર પોલીસે યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃતકના મિત્રની ફરિયાદના આધારે કારચાલક આરોપી સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ઉનાવા ગામમાં રહેતો ૩૫ વર્ષીય યુવાન વિજયસિંહ ધીરજસિંહ પરમાર આજે સવારે પોતાનું બાઈક નંબર જીજે ૧૮ સી.એફ ૫૭૩૨ લઈને ઉનાવાથી પેથાપુર રોડ તરફ જઈ રહ્યો હતો ત્યારે હીરાબા ફાર્મ પાસે તેને ગમખ્વાર અકસ્માત નડયો હતો. આ રોડ પર સડસડાટ જઈ રહેલી જીજે ૦૧ કે.એ ૬૧૨૭ નંબરની કારે વિજયસિંહના બાઈકને જબરદસ્ત ટક્કર મારતા બાઈક સાથે વિજયસિંહ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા અને ગંભીર રીતે ઘવાયા હતા. આ અકસ્માતમાં ઘવાયેલા વિજયસિંહને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જોકે ત્યાં તેમનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ હતું. અકસ્માત સર્જાતા કાર ચાલક કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. અકસ્માત જે સ્થળે થયો ત્યાંથી બાઈક ચાલક યુવાનનો મિત્ર ઘનશ્યામ પંચાલ પણ ત્યાંથી પસાર થયો હતો અને તેણે આ મામલે કાર ચાલક સામે પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પેથાપુર પોલીસે બાઈક ચાલક મૃતક યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી તેના મિત્ર ઘનશ્યામ પંચાલની ફરિયાદ લઈ ફરાર થઈ ગયેલા આરોપી કારચાલકને પકડવા તજવીજ તેજ કરી છે.

# સિવિલ કેમ્પસમાં વર્લ્ડ રીસ્ટાર્ટ હાર્ટ ડે નિમિતે તાલિમ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સિવિલ કેમ્પસ ખાતે આવેલ નેશનલ હેલ્થ મિશનની કચેરી ખાતે વર્લ્ડ રીસ્ટાર્ટ હાર્ટ ડે નિમિતે એક તાલિમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બંધ પડી ગયેલા હદયને ચોકક્સ સમયમાં ચાલુ કરવા માટેની વિવિધ પધ્ધતિઓ અંગે સૌને માહિતગાર કરાયા હતા. આમ નાગરીકની જીંદગી બચાવી શકાય તે માટે ૨૦૦ થી વધુ નાગરીકોને આ અંગેની સમજણ અને તાલિમ આપવામાં આવી હતી.

આ અંગે આઈએસએ અને આઈ.આર.સી.અમદાવાદ એનેથેસીયાના ડોકટર તરલીકા અને તેમની ટીમના ડો.જાનકી, ડો.સત્કાર, ડો.મૌલિક અને રોનક બંધ પડી ગયેલા હદયને ચાલુ કરવા ની રીત શીખવી નાગરીકોને જાગૃત કરી રહ્યા છે. જેમાં ડો. તરલીકા જણાવે છે કે હાર્ટ એટેક, દર્દી બેભાન, શ્વાસ ચાલતો ન હોય અને ધબકારા ચાલતા ન હોય તેવા સંજોગોમાં સૌથી નજીક જે વ્યકિત ઉભો છે તે આ તાલિમ પામેલો હોય તો તેની મદદથી માનવીને જીવતો રાખી શકાય છે. દરેક નાગરીકે આ તાલિમ મેળવવી આવશ્યક છે. એટેક આવેલા દર્દીને એમ્બ્યુલન્સ કે હોસ્પિટલ ના પહોંચે ત્યાં સુધી ચોક્કસ ગતિએ યોગ્ય રીતે છાતી દબાવવામાં આવે તો દર્દીનો જીવ બચી શકે છે.સામાન્ય નાગરીકને કોઈ પણ મદદ વગર ઈમરજન્સી સેવાઓ કે ૧૦૮ ન મળે ત્યાં સુધી હદય કેવી રીતે શરુ રાખવું તે કોલ્સ દ્વારા શીખવાડવામાં આવે છે. તેમાં દરેક ભાષામાં સામાન્ય રીતે દરેક નાગરીક જીવનને ત્રણ સાંકળ દ્વારા કોલ્સ દ્વારા જીવંત-પુનઃજીવીત રાખવાની પ્રક્રિયા કરી શકે છે. દર્દીને સૌ પ્રથમ ઓળખો, જાણો, કે તેની શ્વાસોશ્વાસની ક્રિયા શરુ છે કે કેમ તેની જાણકારી મેળવ્યા બાદ એમ્બ્યુલન્સની મદદ મળે ત્યાં સુધી સતત છાતી પર પંપીંગ કરવાથી માણસની જીંદગી બચી જવાના ચાન્સ વધુ હોય છે. જયારે ડો.તરલીકા હાર્ટ એટેક અંગે જણાવે છે કે આજના બેઠાડું જીવન, કસરતનો અભાવ અને ફાસ્ટફુડના કારણે મરણનો આંક વધુ જોવા મળે છે. જયારે શહેરમાં ૨૦૦ થી વધુ નાગરીકોને કોલ્સની તાલિમ આપી હતી. તાલિમ મેળવેલ કોઈપણ વ્યકિત જીવન રક્ષક બની અણીના સમયે પિડિતને જીવન સંજીવની આપી તેનું જીવન બચાવી શકે છે.








## રૂપાલ ખાતે પલ્લી મહોત્સવ બાદ સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે સુપ્રસિદ્ધ પલ્લીના મેળામાં ગામના મોટો માઢના શ્રી વરદાયિની ભાવિક મંડળના પ્રમુખ, મંત્રી તથા હોદ્દેદારો અને સભ્યો દ્વારા પલ્લી રથ પર ઘીનો અભિષેક કરાયો હતો. પલ્લી મહોત્સવ પૂર્ણ થયા બાદ મંડળ દ્વારા ગામના રસ્તાઓ પરથી ઘીની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# બોગસ ફાળવણી પત્ર કૌભાંડમાં સુત્રધાર સરોજબાની ધરપકડ

## મુખ્ય સૂત્રધાર પંકજ હજુ ફરાર : પોલીસે ૩૦ જેટલા બોગસ ફાળવણીપત્રો સાથે નોકરી લેવા પહોંચેલા નવ ઉમેદવારોને પકડયા હતા

ગાંધીનગર, તા. ૨૪

પાટનગર સહિત રાજયભરમાં ચકચાર મચાવી દેનાર બોગસ ફાળવણી પત્ર કૌભાંડમાં બે મુખ્ય સુત્રધારો પૈકી એક મહિલા સુત્રધાર સરોજબાની ધરપકડ કરવા આવી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનુ જુનિ.ક્લાર્કનુ વેઈટિંગ લિસ્ટ ઓપરેટ થયા બાદ અલગ અલગ જિલ્લાઓમાંથી કેટલાક બોગસ ઉમેદવારો મંડળના બોગસ ફાળવણી પત્ર લઈને અલગ અલગ કચેરીઓમાં હાજર થવા પહોંચી ગયા હતા અને સમગ્ર કૌભાંડ મામલો બહાર આવ્યો. આ ગુનો દાખલ થયો તેના પ્રથમ દિવસથી જ મુખ્ય સૂત્રધાર સહિત કૌભાંડ આચરનાર આકાઓના નામ ખુલી ગયા હતા. તો બીજી તરફ મુખ્ય સૂત્રધાર પંકજ ઠક્કર હજુ ફરાર છે. સરોજબાની સઘન પુછતાછ માટે રિમાન્ડ મેળવવા પોલીસે કવાયત શરુ કરી છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં જૂનિયર ક્લાર્કનુ વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કરવામાં આવ્યું હતું. અલગ અલગ વિભાગોમાં ગૌણ સેવા પસંદગી મંડળના બોગસ ફાળવણી પત્રો લઈને કેટલાક બોગસ ઉમેદવારો હાજર થવા પહોંચી ગયા હતા. કચેરીમાં ફાળવણી પત્ર વેરીફાઈ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો અને મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. સેક્ટર-૭ પોલીસે ૩૦ જેટલા ફાળવણી પત્રો સાથે નવ ઉમેદવારો ને પકડી પાડીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સઘન પૂછપરછ શરૂ કરી હતી. બોગસ ફાળવણી પત્ર સાથે પકડાયેલા ઉમેદવારોની પૂછપરછમાં ગુનાના પ્રથમ દિવસથી જ મુખ્ય સૂત્રધાર મહિલા સરોજબા સહિત પાંચ સૂત્રધારોના નામ ખુલ્યા હતા. આ ગુનો દાખલ થયે દોઢ મહિનો વીતી ગયો તેમ છતાં હજુ સુધી મુખ્ય સૂત્રધાર પંકજ પોલીસની પકડની બહાર છે. પંદર પંદર લાખ રૂપિયા લઈને બોગસ ફાળવણી પત્ર બનાવી આપ્યા હોવાનું ખુલવા પામ્યું છે અને પકડાયેલા નવ ઉમેદવારો તો માત્ર શિન્ડે ચડેલા ઉમેદવાર હતા. સંખ્યાબંધ ઉમેદવારો પાસેથી લાખોના ઉઘરાણા થયા હોવાની ચર્ચા છે.આ સમગ્ર પ્રકરણમાં મહિલા સૂત્રધાર સરોજબાની સેકટર-૭ પોલીસ મથકના પી.આઈ જે.ડી મેવાડાએ ગઈકાલે ધરપકડ કરી લીધી હતી. મહિલા સૂત્રધારની ધરપકડ બાદ તેની સઘન પૂછપરછ માટે આજે તેને કોર્ટમાં રજૂ કરવા લઈ જવામાં આવી હતી. પોલીસે વધુ પૂછપરછ માટે તેણીના રિમાન્ડ મેળવવાની કોર્ટ સમક્ષ માંગણી કરી છે.



# પરપ્રાંતિયો વિરૂદ્ધ સોશિયલ મીડિયામાં કોમેન્ટ કરનાર વધુ પાંચ આરોપીઓ ઝડપાયા

## સોશિયલ મીડિયામાં કોમેન્ટ કરી પરપ્રાંતિય ઉપર અમાનુષી વર્તન કરવા બદલ અમદાવાદ ડીસીબી ખાતે ગુનો દાખલ થયો હતો

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં પરપ્રાંતીઓ પર કેટલાક અસામાજીક તત્વો દ્વારા અમાનુષી અત્યાચાર ગુજારવાનો તથા સોશિયલ મીડિયા ઉપર તેમના વિરૂદ્ધ ભડકાઉ કૉમેન્ટ કરવા સંદર્ભે અમદાવાદ શહેર ડીસીબી પોલીસ સ્ટેશન ખાતે સંખ્યાબંધ યુવાનો સામે ગુના દાખલ થયા હતા જેમાં ગાંધીનગર જિલ્લાના અલગ અલગ વિસ્તારમાંથી પણ પાંચ શખ્સો સામે ગુનો દાખલ થયા હતા. ગાંધીનગર એલસીબીની ટીમે આ પાંચેય શખ્સોને પકડીને અમદાવાદ ડી.સી.બી પોલીસને સોંપી દીધા છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમે ગાંધીનગર જિલ્લામાં રહેતા આવા આરોપીઓને શોધી કાઢવા કવાયત શરૂ કરી હતી ત્યારે જિલ્લાના અલગ અલગ વિસ્તારમાંથી પાંચ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. ગાંધીનગર નજીક આવેલા ઈન્દ્રોડા ગામમાં રહેતા ચંદ્રસિંહ કાનાજી મકવાણા, સેક્ટર ૧૫ ફતેપુરા ખાતે રહેતા સુમિત બાબુજી ઠાકોર, પુન્દ્રાસણ ગામમાં રહેતા કિશોર રમણજી ઠાકોર, દહેગામ તાલુકાના સાણોદા ગામમાં રહેતા આનંદ બકાજી ઠાકોર અને સરઢવ ગામમાં રહેતા સંદીપ શંકરજી ઠાકોર મળીને પાંચ આરોપીઓની ગાંધીનગર એલસીબીએ ધરપકડ કરી લીધી છે. ઉપરોક્ત પાંચેય આરોપીઓ સામે પરપ્રાંતિયો વિરુદ્ધ સોશિયલ મીડિયામાં વિડિયો - ફોટો દ્વારા પર કૉમેન્ટ કરી ધંધાર્થે આવેલા પરપ્રાંતિયો પર અમાનુષી વર્તન કરી ધિક્કાર અને દ્વેષ ફેલાવી જાહેર શાંતિ જોખમાય તેવું વાતાવરણ ઉભુ કરવા બદલ અમદાવાદ શહેર ડીસીબી પોલીસ સ્ટેશન ખાતે આઈ.પી.સી કલમ ૫૦૫(૧)(ખ)(ગ), ૫૦૫ (૨), ૫૦૭, ૧૨૦(બી) તથા આઈટીએક્ટ કલમ ૬૬(સી) અને ૬૭ મુજબ ગુના દાખલ થયેલા છે. ગાંધીનગર એસીબીની ટીમે પાંચ આરોપીની ધરપકડ કરી અમદાવાદ શહેર ડીસીબી પોલીસ સ્ટેશન ને મોકલી આપ્યા છે.

# સગીરાના અપહરણનાં ગુનામાં એક વર્ષથી નાસતો ફરતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર એલસીબીની ટીમ ગઈ કાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહને બાતમી મળી હતી કે દાહોદ જિલ્લાના સંજેલી પોલીસ સ્ટેશનના એક ગુનામાં નાસતો-ફરતો આરોપી મહેસાણાના રાજપુર ખાતે હાજર છે. મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકામાં આવેલા રાજીવનગર સોસાયટી ખાતે રહેતો આરોપી ગોપાળ ભરતભાઈ નાડીયા એક વર્ષ પહેલા ૧૭ વર્ષીય સગીરાને લલચાવી ફોસલાવીને તેનું અપહરણ કરી લઈ ગયો હતો અને ત્યાં બળાત્કાર ગુજાર્યો હતો. છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીના આધારે રાજપુર ખાતે જઈને પકડી પાડ્યો હતો અને તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને સંજેલી પોલીસ સ્ટેશન મોકલી આપવામાં આવ્યો છે.



## ચિરવિદાય

- સ્વ. દરજી કાળીદાસ અંબાલાલ, ઉ.વ. ૫૬
- સ્વ. ચૌહાણ કાનાજી લક્ષ્મણજી, ઉ.વ. ૫૫
- સ્વ. ઠાકોર નાથીબેન કાનાજી, ઉ.વ. ૫૬
- સ્વ. દંતાણી છોટાલાલ નાથાલાલ, ઉ.વ. ૫૪
- સ્વ. ભગવતીપ્રસાદ દયાશંકર, ઉ.વ. ૮૧